ઇસ્ટ મિડલેન્ડ્ઝ નિયોનેટલ ઑપરેશન ડિલિવરી નેટવર્ક




# ટ્રાન્સફર માહિતી

## સમગ્ર ઇસ્ટ મિડલેન્ડ્ઝ નિયોનેટલ ઑપરેશન ડિલિવરી નેટવર્ક (EMNODN)માં નવજાત શિશુ સંબંધિત સેવાઓ

જુલાઈ 2025

તમને આ માહિતીપત્રિકા આપવામાં આવી છે, કારણ કે તમે ઇસ્ટ મિડલૅન્ડ્ઝ નિયોનૅટલ ઑપરેશન ડિલિવરી નેટવર્ક (EMNODN)માં મૅટર્નિટિ યૂનિટ ખાતે તમારા શિશુને રાખવા માટે બૂકિંગ કરાવ્યું છે.

## નિયોનૅટલ ઑપરેશન ડિલિવરી નેટવર્ક શું છે?

જન્મ બાદ કેટલાંક શિશુઓને જે ખાસ સંભાળની જરૂર પડે છે તેને નિયોનૅટલ કેયર કહે છે અને તે નિયોનૅટલ યૂનિટમાં ખાસ તાલીમ પામેલ નર્સો અને ડૉક્ટરો દ્વારા પૂરી પાડવામાં આવી છે. નવજાત શિશુ સંબંધિત સંભાળ સમગ્ર દેશમાં ભૌગોલિક વિસ્તારોમાં આયોજિત કરવામાં આવે છે, જ્યાં હૉસ્પિટલો સાથે મળીને કામ કરે છે અને તે નિયોનૅટલ ઑપરેશનલ ડિલિવરી નેટવર્ક્સ કહેવાય છે. નેટવર્કનાં ડૉક્ટરો અને નર્સો જ્ઞાન અને કૌશલ્યોની આપ-લે કરે છે, જેથી એ બાબતની ખાતરી આપવામાં મદદ મળે કે બધાં શિશુઓ માટે અલગ-અલગ સ્તરની સંભાળ પ્રાપ્ય બને.

## નવજાત શિશુ સંબંધિત સંભાળ

જો તમારા શિશુનો વહેલો જન્મ થાય, તે ખૂબ નાનું હોય, ખૂબ બિમાર હોય અથવા તેને શસ્ત્રક્રિયાની જરૂર પડે તો શું થશે તે વિશેની માહિતી આ પત્રિકા આપે છે.

જન્મ લેતાં 9માંથી લગભગ 1 શિશુને નવજાત શિશુ સંબંધિત સંભાળની જરૂર પડશે અને ઇસ્ટ મિડલૅન્ડ્ઝમાંના બધા એકમો સંપૂર્ણ રેન્જની સંભાળ પૂરી પાડવા માટે સાથે કામ કરે છે. નવજાત શિશુ સંબંધિત સઘન સંભાળ એ અત્યંત વિશિષ્ટ સેવા છે અને તે કેટલાંક વિશિષ્ટતા સાથેનાં કેન્દ્રો પૂરતી મર્યાદિત છે.

EMNODNનો ઉદ્દેશ્ય એ ખાતરી કરવાનો છે કે નવજાત શિશુ સંબંધિત બધા દર્દીઓને ઉચ્ચતમ ગુણવત્તાની સંભાળ મળે. જો તમારા શિશુને નવજાત શિશુ સંબંધિત સંભાળની જરૂર પડે તો તેઓને એવા નિયોનૅટલ યૂનિટમાં ટ્રાન્સફર કરવામાં આવશે જે તેઓની જરૂરિયાતોને શ્રેષ્ઠ રીતે પૂરી કરે અને જે કુટુંબના ઘરથી શક્ય તેટલું નજીક હોય.

## નિયોનૅટલ યૂનિટના વર્ગો

### *સ્પેશિયલ કેયર યૂનિટ (SCU)*

સ્પેશિયલ કેયર યૂનિટ્સ એ એવાં શિશુઓ માટે છે જેઓને સઘન સારવારની જરૂર ન હોય. સામાન્ય રીતે, આ 32 અઠવાડિયાંના ગર્ભાવસ્થાના સમયગાળા બાદ જન્મેલાં શિશુઓ હશે. તેઓને તેમના શ્વસન અથવા હૃદયના દર, વધારાના ઑક્સિજન , ફીડિંગ અંગે મદદ (ક્યારેક ટ્યૂબનો ઉપયોગ કરીને), કમળા માટે સારવાર, ચેપ માટે સારવાર અને/અથવા અન્ય સ્તરની સંભાળમાંથી રિકવરી માટે સતત મૉનિટરિંગની જરૂર પડશે.

### *સ્થાનિક નિયોનૅટલ યૂનિટ (LNU)*

સ્થાનિક નિયોનૅટલ યૂનિટ્સ એવાં શિશુઓ માટે છે, જેઓને ઉચ્ચ સ્તરીય તબીબી સહાયતાની જરૂર પડે, જે 'હાઇ ડિપૅન્ડન્સી' કેયર તરીકે ઓળખાય છે. આ ઘણી વખત 27 અને 32 અઠવાડિયાં વચ્ચેની ગર્ભાવસ્થા બાદ જન્મેલાં શિશુઓ હોય છે. તેઓને શ્વસનની સહાયતા, વધારાના ઑક્સિજન, ટૂંકા ગાળાની સઘન સંભાળ અને/અથવા નસ વાટે ફીડિંગની જરૂર પડી શકે છે (જો તેઓ ખૂબ બિમાર હોય અથવા મોં વાટે ફીડિંગ લેવા બહુ નાનાં હોય).

LNUs પોતાનાં સ્થાનિક શિશુઓ માટે SCU સંભાળ પણ પૂરી પાડે છે.

### *નિયોનૅટલ ઇન્ટેન્સિવ કેયર યૂનિટ (NICU)*

નિયોનૅટલ ઇન્ટેન્સિવ કેર યૂનિટ્સ એ એવાં શિશુઓ માટે છે, જેઓને સંભાળની ઉચ્ચતમ જરૂરિયાતો હોય. તેમાં એવાં શિશુઓનો સમાવેશ થાય છે, જેઓ અત્યંત વહેલાં જન્મ્યાં હોય (27 અઠવાડિયાં કરતાં ઓછી ગર્ભાવસ્થા અથવા 28 અઠવાડિયાંથી ઓછી ગર્ભાવસ્થામાં જન્મેલાં જોડિયાં/ટ્રિપલેટ શિશુઓ) અથવા એવાં શિશુઓ જેમને 48થી વધુ કલાક માટે વૅન્ટિલેટર દ્વારા શ્વસન સંબંધિત સહાયતાની જરૂર હોય.

NICUs પણ પોતાનાં સ્થાનિક શિશુઓ માટે LNU અને SCU સંભાળ પૂરી પાડે છે.

### *સર્જિકલ સંભાળ માટે ટ્રાન્સફર*

એવાં શિશુઓ જેમને શસ્ત્રક્રિયાની જરૂર પડશે તેઓને નૉટિંઘમમાં ક્વીન્ઝ મેડિકલ સેન્ટર અથવા તો લેસ્ટર રૉયલ ઇન્ફર્મરીમાં ટ્રાન્સફર કરાશે. જો તમારા શિશુને હૃદયની શસ્ત્રક્રિયાની જરૂર પડે તો શરૂઆતમાં તેઓને નિયોનૅટલ યૂનિટમાં સંભાળ આપવામાં આવશે અને ત્યારબાદ તેઓને લેસ્ટર રૉયલ ઇન્ફર્મરી ખાતે આવેલ ઇસ્ટ મિડલૅન્ડ્ઝ કોન્જેનિટલ હાર્ટ સેન્ટર ખાતે યોગ્ય હોય ત્યારે વધુ સંભાળ અને સારવાર માટે ટ્રાન્સફર કરવામાં આવશે.

## ઇસ્ટ મિડલેન્ડ્ઝ નિયોનેટલ યૂનિટ્સ

EMNODN અગિયાર નિયોનેટલ યૂનિટ્સનું બનેલું છે:

### નિયોનેટલ ઇન્ટેન્સિવ કેયર યૂનિટ્સ (NICU)

લેસ્ટર રૉયલ ઇન્ફર્મરી ( Leicester Royal Infirmary)
ક્વીન્ઝ મેડિકલ સેન્ટર (નૉટિંઘમ) (Queen's Medical Centre (Nottingham))

### સ્થાનિક નિયોનેટલ યૂનિટ્સ (LNU)

રૉયલ ડર્બી હૉસ્પિટલ (Royal Derby Hospital)
લિંકન કાઉન્ટી હૉસ્પિટલ (Lincoln County Hospital)
કિંગ્ઝ મિલ હૉસ્પિટલ (મૅન્સફિલ્ડ) (King's Mill Hospital (Mansfield)
નૉટિંઘમ સિટિ હૉસ્પિટલ (Nottingham City Hospital)
નૉર્ધમ્પ્ટનશાયર જનરલ હૉસ્પિટલ  (Northampton General Hospital)
કેટરિંગ જનરલ હૉસ્પિટલ (Kettering General Hospital)

### સ્પેશિયલ કેયર યૂનિટ્સ (SCU)

ક્વીન્ઝ હૉસ્પિટલ (બર્ટન)  (Queen's Hospital (Burton)
પિલગ્રીમ હૉસ્પિટલ (બૉસ્ટન) (Pilgrim Hospital (Boston)
લેસ્ટર જનરલ હૉસ્પિટલ (Leicester General Hospital)

## ઇન યુટેરો ટ્રાન્સફર

જો તમારાં મિડવાઇફ અથવા ઑબ્સ્ટેટ્રિશનને ચિંતા હોય કે તમારા શિશુને નવજાત શિશુ સંબંધિત સંભાળની જરૂર પડશે તો તેઓને એવી ભલામણ કરવામાં આવે છે કે **તમે જન્મ આપો તે પહેલાં** તમને એવી હૉસ્પિટલમાં ટ્રાન્સફર કરવામાં આવે, જ્યાં તમારા શિશુ માટે જરૂરી સુવિધાઓ હોય. આનું કારણ એ છે કે ઇંગ્લૅન્ડમાં થયેલા અભ્યાસોએ બતાવ્યું છે કે બહુ વહેલાં જન્મેલાં શિશુઓનો સાઇટ પર નિયોનેટલ ઇન્ટેન્સિવ કેયર યૂનિટ્સ સાથેની હૉસ્પિટલમાં જન્મ થાય તો તેઓ વધુ સારો દેખાવ કરે છે. જોકે, ઇન યુટેરો ટ્રાન્સફર શક્ય ન હોય તો બધી હૉસ્પિટલો તમારા શિશુને જરૂરી તાત્કાલિક સંભાળ પૂરી પાડવા માટે સક્ષમ હોય છે, જે દરમિયાન તમારા શિશુને સૌથી નજીકના યોગ્ય નિયોનેટલ યૂનિટ પર ટ્રાન્સફર કરવા માટે વ્યવસ્થાઓ કરવામાં આવે છે.

## EMNODNની અંદર ટ્રાન્સફર

એવા કેટલાક પ્રસંગો હોય છે, જ્યારે તમારા શિશુને અન્ય હૉસ્પિટલમાં ટ્રાન્સફર કરવાની જરૂર પડી શકે છે.

કેટલાંક કારણોમાં નીચેનાંનો સમાવેશ થઇ શકે છે:

- જો તમારા બાળકની સંભાળ NICU અથવા LNUમાં લેવામાં આવી રહી હોય, જ્યાં તમે બૂકિંગ કરાવેલ ન હોય. એક વખત તમારા શિશુને ઉચ્ચસ્તરીય સારવારની જરૂર ન રહે ત્યારબાદ તમારાં નર્સો અને ડૉક્ટરોનો તમારા શિશુને ઘરથી બને તેટલા નજીકના અંતરે LNU અથવા SCU ખાતે ટ્રાન્સફર કરવાનો ઉદ્દેશ્ય હશે. આ યૂનિટ્સ રજા આપવા માટે તમને અને તમારા શિશુને તૈયાર કરવામાં નિષ્ણાત હોય છે.

- અન્ય હૉસ્પિટલ ખાતે પૂરી પાડવામાં આવતી નિષ્ણાતની સંભાળ, ઉપકરણ અથવા શસ્ત્રક્રિયા મેળવવા માટે.

- તમારા શિશુને અન્ય યૂનિટ ખાતે ટ્રાન્સફર કરવાની જરૂર પડે એશકે છે, કારણ કે તમે જે યૂનિટમાં છો તે પૂર્ણ ક્ષમતા પર છે અને તેને જ્યારે શક્ય હોય ત્યારે ટાળવામાં આવશે, પરંતુ જ્યાં આ જરૂરી હોય એવા પ્રસંગોએ તમારાં સહકાર અને સહજની કદર કરવામાં આવે છે. અમે હંમેશાં ખાતરી કરીશું કે તમારા શિશુને એવા યૂનિટમાં ટ્રાન્સફર કરવામાં આવશે, જે તમારા શિશુને જરૂરી સંભાળ પૂરી પાડવા માટે સક્ષમ હોય.

ઘરથી શક્ય તેટલા નજીક હોય એવા સૌથી યોગ્ય યૂનિટમાં તમારા શિશુની સંભાળ લેવામાં આવે તેની ખાતરી કરવા માટે બધા પ્રયત્નો કરવામાં આવશે. બધી ટ્રાન્સફર વિશે ભલામણ કરનાર અને મેળવનાર યૂનિટ્સ વચ્ચે સંપૂર્ણ ચર્ચા કરવામાં આવશે.

## EMNODNની બહાર ટ્રાન્સફર

જો નેટવર્ક અત્યંત વ્યસ્ત હોય તો તમારા શિશુને ઇસ્ટ મિડલૅન્ડ્ઝ નેટવર્કની બહાર ટ્રાન્સફર કરવું જરૂરી હોઈ શકે છે, જેથી ખાતરી કરી શકાય કે તમારું શિશુ યોગ્ય સ્તરની સંભાળ મેળવે. અમે તમારા શિશુને સ્થાનિક યૂનિટ પર અથવા નેટવર્કની અંદરના યૂનિટ પર શક્ય તેટલી જલ્દી પરત કરવાનો પ્રયત્ન કરીશું, શરત એ કે તમારું શિશુ ખસેડવા માટે પૂરતું સારું હોય.

## મારા શિશુને કેવી રીતે ટ્રાન્સફર કરવામાં આવશે?

તમારું શિશું રિસીવ કરનારી હૉસ્પિટલ ખાતે ખાસ ટ્રાન્સપોર્ટ ઇન્ક્યુબેટરમાં ઍમ્બ્યુલન્સ દ્વારા પ્રવાસ કરશે. પ્રવાસ દરમિયાન નિયોનૅટલ ડૉક્ટરો અને નર્સોની તાલીમપ્રાપ્ત ટ્રાન્સપોર્ટ ટીમ દ્વારા તેની સંભાળ લેવામાં આવશે.

## મારા વિના મારા શિશુને ટ્રાન્સફર કરવામાં આવશે?

જો તમને હજીયે તમારી જાતે હૉસ્પિટલની સંભાળની જરૂર પડે તો તમે પૂરતા ઠીક થાઓ કે તરત પ્રવસ બાદની પ્રવર્તમાન સંભાળ માટે તમને તમારું શિશુ હોય એ જ હૉસ્પિટલમાં એક વૉર્ડમાં ટ્રાન્સફર કરવામાં આવશે. 24 કલાકની અંદર અથવા તમે ટ્રાન્સફર થવા માટે નૈદાનિક રીતે પૂરતા ઠીક થયા બાદ શક્ય તેટલી જલ્દી તમને તમારા શિશુ સાથે જોડાવા માટે ટ્રાન્સફર કરવામાં આવે તેની ખાતરી કરવા માટે દરેક પ્રયત્ન કરવામાં આવશે.

જો તમે તમારા શિશુની ટ્રાન્સફરના સમયે ઇનપેશન્ટ ન હો તો તમે તમારા શિશુ અને નિયોનૅટલ ટ્રાન્સપોર્ટ સ્ટાફ સાથે ઍમ્બ્યુલન્સમાં પ્રવાસ કરવા સક્ષમ હોઈ શકો છો. આ શક્ય છે તે જોવા માટે તમે નિયોનૅટલ ટીમ સાથે વાત કરી શકો છો.

જો તમે રજા મેળવવા માટે પૂરતા ઠીક હો અને તમારા શિશુ સાથે પ્રવાસ કરી શકો તેમ ન હો તો તમે તમારા પોતાના પરિવહનના પ્રકારનો ઉપયોગ કરીને કુટુંબીજન અથવા મિત્ર સાથે હૉસ્પિટલ સુધીનો પ્રવાસ કરી શકો તેમ બની શકે છે (સિઝેરિયન બાદ માતાઓએ ડ્રાઇવ કરવું જોઈએ નહિ). તમારા શિશુની સંભાળમાં તમારી ભાગીદારી અને સામેલગીરી ચાલુ રહે તેની ખાતરી કરવા માટે તમને માતા કે પિતાનો પાસપોર્ટ પૂરો પાડવામાં આવશે.

## માતા કે પિતાની માહિતી

EMNONDની બધી હૉસ્પિટલો માટે મહત્ત્વની માહિતી કે જેમાં યૂનિટ્સ અને તેમની સુવિધાઓની ફોટોગ્રાફિક ટૂરનો પણ સમાવેશ થાય છે, તેની સાથે સાથે અધૂરા માસે જન્મેલાં અને બિમાર શિશુઓનાં માતાપિતાઓ માટે ઘણી વ્યાવહારિક માહિતી નેતવર્કની વેબસાઇટ પર ઍક્સેસ કરી શકાશે. નીચેનો QR કોડ સ્કૅન કરો અથવા આ સાઇટ પર જાઓ www.emnodn.nhs.uk

## સહાયતા અને સલાહ

તમારી પોતાની પ્રસૂતિ બાદની સંભાળ વિશે તમને કોઇ પ્રશ્નો હોય તો કૃપા કરીને તમારી મિડવાઇફરી ટીમ સાથે વાત કરો જેઓ તમને હોઈ શકે એવા કોઇ પણ પ્રશ્નોના જવાબ આપી શકશે. તમારા શિશુની સંભાળ વિશેના કોઇ પણ પ્રશ્નો માટે કૃપા કરીને અમારી કોઇ પણ નિયોનૅટલ નર્સ અને/અથવા ડૉક્ટરો સાથે વાત કરો, જેઓ તમને ખુશીથી સલાહ આપશે.

નવજાત શિશુ સંબંધિત સંભાળ અંગે વધુ સલાહ અને સહાયતા નીચેની સાઇટ પરથી ઍક્સેસ કરી શકાશે:
www.bliss.org.uk
ફોન: 020 7378 1122

આ માહિતીપત્રિકા ઇસ્ટ મિડલૅન્ડ્ઝ નિયોનૅટલ ઑપરેશન ડિલિવરી નેટવર્ક દ્વારા તૈયાર કરાઈ હતી અને બનાવવામાં આવી હતી.

અમે શું કરીએ છીએ તે અંગે વધુ માહિતી માટે કૃપા કરીને અમારી વેબસાઇટ પર જાઓ; www.emnodn.nhs.uk